**SOCET organized technical fest “TAALASH -2014” where intercollege technical events were conducted with full success.**

**Article published in Ahmedabad Mirror dated 2/3/2014.**



DAY 2 March 2013 www.sandesh.com

## પેઇન્ટિંગ્સથી રજૂ થયા વિચાર

તલાશમાં વોલ પેઇન્ટિંગ, પોસ્ટર પેઇન્ટિંગ, ડિબેટ, એડમેડ શો, જનરલ ક્વિઝ અને લેન ગેમિંગનું આયોજન કરાયું હતું. જેમાં સ્ટુડન્ટ્સે પોતાના વિચારો કેન્વાસ અને વોલ પર ઉતાર્યા હતાં. જેમાં સ્ટુડન્ટ્સે અદ્‌ભુત પેઇન્ટિંગ્સ બનાવ્યાં હતાં.

ફોટો : હિતેશ

## સ્ટુડન્ટ્સે બનાવ્યા સ્ટ્રક્ચરલ મોડલ્સ

'તલાશ- ૨૦૧૩'માં એન્જિ. સ્ટુડન્ટસ માટે સ્ટ્રક્ચરલ મોડેલ્સ બનાવવાની કોમ્પિટિશન પણ રાખવામાં આવી હતી. આ સ્ટ્રચર બનાવવા માટેનો સબજેક્ટ સ્ટુડન્ટ્સે સ્પોટ પર પણ આપવામાં આવતો હતો. આ મોડલ નિ... કરેલા સમયમાં જ બનાવવાનું હતું. સોસાયટીની સમસ્યાઓનો ઉકેલ થઇ શકે તેવા સ્ટ્રક્ચર બનાવવા ... ભાર મુકાયો હતો.

# તલાશમાં Robo War

અમદાવાદ : ૧ માર્ચ ૨૦૧૩

સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી ખાતે 'સંદેશ' અને 'સંદેશ ન્યૂઝ' ચેનલ દ્વારા યોજવામાં આવેલ સ્ટેટ લેવલની ટેક્નિકલ ઇવેન્ટ 'તલાશ-૨૦૧૩'નું આ બીજું વર્ષ છે. આ વર્ષે 'તલાશ'માં યુનિવર્સલ, આલ્ફા, એઆઇટી, જેઇઆઇટી, એલડી એન્જિનિયરિંગ, જેઇસી મોડાસા સહિતની એન્જિનિયરિંગ કોલેજના સ્ટુડન્ટ્સે ભાગ લીધો હતો. સ્ટુડન્ટ્સે કોમ્પિટિશનને ધ્યાનમાં રાખીને બેટરીથી ચાલતા રોબોટ્સ ડિઝાઇન કર્યા હતા. 'તલાશ'ના પ્રથમ દિવસે સર્વાઇવર-ટુ, ઘોસ્ટ રાઇડર, ફાસ્ટ ફ્યુરિયસ, રોબો સોકર, વોટર રાફ્ટિંગ, પિક એન્ડ પ્લેસ જેવી રોબોટિક્સ ઇવેન્ટનો ક્વોલિફાઇંગ અને ફર્સ્ટ રાઉન્ડ યોજાયો હતો. જેમાં સ્ટુડન્ટ્સે ટાસ્ક મુજબ રોબોટ્સ એક્ઝિબિટ કર્યા હતાં

## IIT દિલ્હીનો વર્કશોપ

સ્ટુડન્ટ્સ માટે આઇઆઇટી દિલ્હીના રોબોટિક્સ એક્સપર્ટસ દ્વારા સર્ટિફિકેટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં રોબોટ્સને કેવી રીતે ડિઝાઇન કરવો તેના પર માહિતી આપી હતી.

## રોબો સોકરનો જમાનો

ડિફરન્ટ કોલેજના બે રોબોટ્સ વચ્ચે ગોલ કરવા માટે થતી ઝપાઝપીએ હાજર સ્ટુડન્ટસને ક્રેઝી કર્યા હતાં. કેટલીકવાર રોબોટ્સ ચલાવનારા વચ્ચે પણ ઘર્ષણ થતુ હતું. આજે રોબો સોકરની ફાઇનલ યોજાશે. જેમાં રોબો સોકરના ચેમ્પિયનની જાહેરાત થશે.

## રોબોટ્સ બન્યા ઘોસ્ટ રાઇડર

સૌથી વધુ રોબોટ્સ ઘોસ્ટ રાઇડર કોમ્પિટિશનમાં ભાગ લેવા માટે આવ્યા ...